**દાખલ તારીખ : ૧૭/૦૩/૨૦૧૮**

**રજૂ કર્યા તારીખ : ૧૭/૦૩/૨૦૧૮**

**ફેંસલ કર્યા તારીખ : ૦૩/૦૪/૨૦૨૩**

**સમય : વર્ષ માસ દિવસ**

**મહે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે, કોર્ટ નં. – ૨૧, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. : ૨૬૧૨૨/૨૦૧૮**

**આંક – ૧૭**

**ફરીયાદી :–**

સ ર કા ર

વિરૂધ્ધ

**તહોમતદારો :–**

(૧) આત્મારામદાશજી આચાર્યવ્યાસપતી સાહેબ સંત, ઉ. વ. – ૪૯,
રહે. કબીર મંદિર આશ્રમ, જુના અચેર, સાબરમતી, અમદાવાદ.

(૨) રાજેશકુમાર અમૃતલાલ પટેલ, ઉ. વ. – ૩૭,
રહે. મ. નં. એ/૦૭ નંદ બંગ્લોઝ નોબલ સ્કુલની પાછળ,
કૃષ્ણનગર, અમદાવાદ

(૩) અરવિંદભાઈ રામજીભાઈ પરમાર, ઉ. વ. – ૩૮,
રહે. મ.નં. – ૧૦ શીવશંકર ફ્લેટ, જુના અચેર,
સાબરમતી, અમદાવાદ.

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ.**

---

**ફરીયાદ પક્ષે : વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેશાઈ**
**તહોમતદારો તરફે : વિ. વ. શ્રી એમ. જે. રાવ**

---

**– :: ચુ કા દો :: –**

(૧) આ કામની ફરીયાદની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના તહોમતદારોએ તા. ૧૫.૦૮.૨૦૧૭ ના કલાક: ૧૮.૩૦ વાગ્યાના સુમારે સાબરમતી અચેર કબીર મંદિર આશ્રમ ખાતે જાહેરમાં આ કામના ફરિયાદીશ્રી તથા સાહેદ નં. – ૪ તથા ૫ નાઓ આશ્રમમાં રહેવા તથા સુવા માટેની વાતચીત કરવા માટે ગયેલા. આ દરમ્યાન બોલાચાલી થતાં આ કામના તહોમતદારોએ ફરિયાદીશ્રી તથા સાહેદ નં. – ૫ નાઓને ગડદા ફેટોનો માર મારી તહોમતદાર નં. – ૧ નાએ ફરીયાદીશ્રીને મારી ટુકડા કરી સાબરમતી નદીમાં લાશ નાખી દેવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં જાહેર કરતા સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ. ર. નં. – ૩૧૫૮/૨૦૧૭ થી ઈ. પી. કો કલમ – ૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ નો ગુનો દાખલ કરી તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાતાં તહોમતદારો વિરૂધ્ધ ક્રિમી. પ્રો. કોડની કલમ – ૧૭૩ અન્વયે તા. ૧૭/૩/૨૦૧૮ ના રોજ ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) આ કામના તહોમતદારોને સમન્સની બજવણી થતાં વકીલશ્રી મારફતે તહોમતદારો હાજર થતા તહોમતદારોને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૭ ની જોગવાઈઓને આધીન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની ખાત્રી થયા બાદ મારા પુરોગામીશ્રીએ આક્ષેપિત ગુનાનું તા. ૨૨/૦૯/૨૦૨૧ ના રોજ તહોમતનામું આંક – ૦૨ થી ફરમાવી વાંચી સમજાવી તહોમતદારોનું નિવેદન આંક – ૦૩ થી ૦૫ સુધી નોંધતા ગુન્હો કબુલ ન હોવાથી ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવઓ રજુ કરેલ છે.

**-: ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો :-**

૧. આંક – ૧૧ થી ફરીયાદી સાહેદ દિનેશભાઈ મંગુભાઈનો સોગંદ પરનો પુરાવો.

**-: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :-**

૧. આંક – ૧૨ થી ફરીયાદ.

૨. આંક–૧૩ થી ૧૫૭ નો રિપોર્ટ

૩. આંક–૧૪ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું

૨. આંક – ૧૫,૧૬ થી સારવાર સર્ટી

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં હાલના કામે સી. આર. પી. સી ની કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવા પાત્ર કોઈ પુરાવો ના હોય તહોમતદારોનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામે બંને પક્ષોની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ.

(૫) ઉપરોકત કેસની હકીકત,સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ઘ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારોએ ગઈ તા. ૧૫.૦૮.૨૦૧૭ ના કલાક: ૧૮.૩૦ વાગ્યાના સુમારે સાબરમતી અચેર કબીર મંદિર આશ્રમ ખાતે જાહેરમાં આ કામના ફરિયાદીશ્રી તથા સાહેદ નં. – ૪ તથા ૫ નાઓ આશ્રમમાં રહેવા તથા સુવા માટેની વાતચીત કરવા માટે ગયેલા. આ દરમ્યાન બોલાચાલી થતાં આ કામના તહોમતદારોએ ફરિયાદીશ્રી તથા સાહેદ નં. – ૫ નાઓને ગડદા ફેટોનો માર મારી તહોમતદાર નં. – ૧ નાએ ફરીયાદીશ્રીને મારી ટુકડા કરી સાબરમતી નદીમાં લાશ નાખી દેવાની ધમકી આપી

એકબીજાને મદદગારી કરી ઈ. પી. કો કલમ – ૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ આપુ છું.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**– :: કારણો :: –**

**મુદા નં – ૦૧ ના કારણોની ચર્ચા :–**

**(૭)** આ કામે ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં આંક – ૧૧ થી તપાસ કરનાર અધિકારી શ્રી એ. એસ. આઈ. દિનેશભાઈ મંગુભાઈનાઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં સાબરમતી પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તે સમયગાળા દરમ્યાન ફરીયાદી કમલ ેશસિંહ શીવજી કુશ્વાહા નામની વ્યકિતએ આઈ. પી. સી. કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) વિગેરે ગુના સબબ ફરીયાદ આપેલી જે ફરીયાદમાં ફરીયાદીની સહી ઓળખી બતાવી આંક – ૧૨ થી રજૂ રાખેલ છે. આ બનાવની તપાસ તેમને સોંપવામાં આવેલી જેનો ૧૫૭ નો રિપોર્ટ આંક – ૧૩ થી રજુ રાખેલ છે. આ તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલા અને તહોમતદારને અટક કરેલ. તપાસના અંતે તહોમતદાર વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરેલું. આ સાહેદ પુરાવા દરમ્યાન પંચનામું આંક – ૧૪ થી તથા સારવારના પ્રમાણપત્રો આંક – ૧ ૫ તથા ૧૬ થી રજૂ રાખે છે. આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદો મળી આવતા નહી હોવાનું જણાવે છે. આ સાહેદને તહોમતદાર તરફે આક્ષેપાત્મક સ્વરૂપના તથા ઈન્કાર સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮) સદર કામે તપાસ કરનાર અધીકારીશ્રીના પુરાવા દરમ્યાન આંક – ૧૪ થી પંચનામું તથા આં ક – ૧૫ તથા ૧૬ થી સારવાર સર્ટી રજૂ રાખવામાં આવેલ છે. પરંતુ, આ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતું નથી. પંચ સાહેદોને આ કામે તપાસવામા આવેલા નથી. જેથી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની હકીકતે તહોમતદારો સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી. આ કામે તપાસ કરનાર અધીકારીશ્રીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની જુબાનીમાં તેમણે કરેલી કાર્યવાહીને અનુરૂપ પુરાવો આપેલ છે. તપાસ કરનાર અધીકારીશ્રીના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી પણ સમર્થન મળેલ નથી. જેથી પણ એકમાત્ર તપાસ કરનાર અધીકારીશ્રીના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી. આમ, સદર, કામના તહોમતદારોએ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી ઝગડો તકરાર કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ તેમના પુરાવાથી પુરવાર કરી શકેલા નથી. ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલ ફરીયાદી સાહેદ જેવા મહત્વના સાહેદની જુબાનીથી બનાવ શં કાસ્પદ બની રહે છે, આમ, ફરીયાદપક્ષ તેમનો કેસ તેમણે રજુ કરેલા પુરાવાઓથી નિ:શં કપણે સાબિત કરી શકેલાં નથી.

ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઈ મુદ્દા નંબર – ૧ નો જવાબ ''નકાર'' માં આપી, મુદ્દા નંબર – ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– :: આખરી હુકમ :: –</u>**

૧. આ કામે સાબરમતી પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુ. રજી. નં. ૩૧૫૮/૨૦૧૭ ના કામે તહોમતદાર નં. – (૧) આત્મારામદાશજી આચાર્યવ્યાસપતી સાહેબ સંત, ઉ. વ. – ૪૯, રહે. – કબીર મંદિર આશ્રમ, જુના અચેર, સાબરમતી, અમદાવાદ, તથા તહોમતદાર નં – (૨) રાજેશકુમાર અમૃતલાલ પટેલ, ઉ. વ. – ૩૭, રહે. – મ. નં. એ/૦૭ નંદ બંગ્લોઝ નોબલ સ્કુલની પાછળ, કૃષ્ણનગર, અમદાવાદ, તથા તહોમતદાર નં – (૩) અરવિંદભાઈ રામજીભાઈ પરમાર ઉ. વ. – ૩૮, રહે. મ. નં. ૧૦ શીવશંકર ફલેટ જુના અચેર, ગામ – સાબરમતી,

અમદાવાદવાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામેના દરેક તહોમતદારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા જાત મુચરકા છ માસ સુધીના સમયગાળા સુધીનાં સમયગાળા માટેનાં ઉપરની અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટેના આપવા.

આ હુકમ આજ રોજ તા.–૦૩ જી માહે – એપ્રિલ સને – ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૦૩/૦૪/૨૦૨૩.**
**સ્થળ : અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. – ૨૧, અમદાવાદ.**
**કોડ નં – જીજે – ૦૧૦૩૭**

(J P SADAT)